કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ની
આઇ.એ.એસ.ની એક જગ્યા ચાલુ રાખવાની મંજુરી
આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૨૦૧૧/૧૩૧૨ /આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૧/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૨/૪/૨૦૧૨, તા.૩/૮/૨૦૧૫ અને તા.૨૮/૦૪/૨૦૧૬ નો સરખા ક્રમાંકનો ઠરાવ,
(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૨૨/૧૧/૧૬નો પત્ર ક્રમાંક:મભય/મકમ/ક/૨૦૧૬/૨૧૦૭૧,

ઠરાવ –

શિક્ષણ વિભાગના સંદર્ભ-(૧)ના સરખા ક્રમાંકના ઠરાવથી સને.૨૦૧૨-૧૩માં માંગણી નં.૯ હેઠળ અંદાજ પત્રમાં પ્લાન સદરે કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ની આઇ.એ.એસ.ની એક જગ્યા ઉભી કરવા રૂ.૧૦.૫૬ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.અને આ જગ્યાને છેલ્લે તા.૨૮/૦૪/૨૦૧૬ના ઠરાવથી તા.૨૮/૨/૨૦૧૭ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી. સંદર્ભ-(૨)ના કમિશ્નરશ્રી,મ.ભો.યો.પત્રથી ઉકત કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ની આઇ.એ.એસ.ની એક જગ્યા તા.૨૮/૦૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાને અંતે કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની વર્ગ-૧ની આઇ.એ.એસ.ની એક હંગામી જગ્યા તા.૨૮/૦૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવાની મંજુરી આથી નીચેની શરતોને આધિન આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજનાની કચેરી,ગાંધીનગર દ્વારા ઉકત જગ્યા જે તે નાણાકીય વર્ષમાં ચાલુ રાખવાની મંજુરી અંગેની દરખાસ્ત સમયસર કરવાની રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રી (શિ.)ની તા.૧૬ /૦૧/૨૦૧૭ નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.ગુજરાત સરકાર

પ્રતિ,

-- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ) ના રહસ્ય સચિવ, સા.વ.વિ.સચિવાલય, ગાંધીનગર.

-- નાણા સલાહકારશ્રી (શિક્ષણ).સચિવાલય, ગાંધીનગર.

-- અધિક મુખ્ય  સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના, ગાંધીનગર.

--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગર.

-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)

-- નાયબ સેકશન અધિકારીશ્રી,

-- સિલેકટ ફાઇલ.